# સંશોધન નિયામકશ્રીની કચેરી
# આણંદ કૃષિ યુનિવર્સિટી,
# આણંદ–૩૮૮ ૧૧૦

વંચાણે : ૧ હિસાબ નિયામકશ્રીની કચેરીના કાર્યાલય આદેશ નં. એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન એલોકેશન/૧૦૩૬-૪૬/૨૦૧૬ તા.૨૦/૦૫/૨૦૧૬

૨ હિસાબ નિયામકશ્રીની કચેરીના કાર્યાલય આદેશ નં. એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન/પહેલુ રીએલોકેશન/૫૮૭૩-૮૩/૨૦૧૬ તા.૨૨/૧૧/૨૦૧૬

૩ સેક્શન અધિકારી, આયોજન શાખા, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પત્ર તા.૨૨/૧૨/૨૦૧૬

## પરિપત્ર

આથી સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આમુખ-૧ થી આયોજીત યોજનાઓની વર્ષ ૨૦૧૬-૧૭ની ચાલુ કાર્યક્રમો માટે જે તે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓને ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ હતી. ત્યારબાદ, આમુખ-૨ થી તા.૨૭/૧૦/૨૦૧૬ ના રોજ આણંદ ખાતે યોજાયેલ આયોજીત યોજનાની પ્રથમ રીવ્યુ બેઠક મુજબ યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓની માંગણી તથા ગ્રાન્ટની ઉપલબ્ધતા ધ્યાને લઈ, ગ્રાન્ટની ફેરફાળવણી કરવામાં આવેલ છે.

આમુખ-૩ ના સરકારશ્રીના પત્રમાં જણાવ્યા અનુસાર, આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ઓક્ટોબર ૨૦૧૬ સુધીમાં ખર્ચ ઓછો થયેલ હોવાથી, ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના અંત (માર્ચ, ૨૦૧૭) સુધીમાં આયોજીત યોજનાઓમાં ફાળવેલ પૂરેપૂરી ગ્રાન્ટનો વપરાશ થાય તે અંગે તકેદારી રાખવા આયોજીત યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

વધુમાં, સર્વે આયોજીત યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓને પણ ફાળવેલ ગ્રાન્ટનો ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ ના અંત (માર્ચ,૨૦૧૭) સુધીમાં પૂરેપૂરો વપરાશ થાય તે અંગે તકેદારી રાખવા જણાવવામાં આવે છે.

જા.નં.: આકૃયુ/સંનિ/પ્લાન-૨/ ૧૨૪૪૧ /૧૬,
તા. ૩૦ /૧૨/૨૦૧૬

વતી સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી તરફ જાણ તથા ઘટતી કાર્યવાહી સારૂ.

(૨) નિયામકશ્રી, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ વેબસાઈટ ઉપર મુકવા સારૂ.